# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા. ૨૧-૦૧-૨૦૨૨

- કોરોના મૃતકના પરિવારજનોની આર્થિક તકલીફમાં સહાય કરવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ નીવડી
- સહાય માટે ભાજપ સરકાર તારીખ પે તારીખ કરીને સમય બરબાદ કરી મૃતક પરિવારોને અન્યાય કરી રહી છે.
- કોરોનાની ગંભીર મહામારીમાં ભાજપ સરકાર પ્રથમ દિવસથી જ ગંભીર નથી.

વૈશ્વિક મહામારી કોરોનામાં ગુજરાતના નાગરિકોની આરોગ્ય સેવા, સારવાર સહિતની સુવિધા પુરી પાડવાની ભાજપ સરકાર પાસેની આશા ઠગારી નીવડી કોરોનામાં ટેસ્ટીંગના આંકડા, મોતના આંકડા છુપાવવા, સંક્રમિતોના આંકડા છુપાવવાની કામગીરીમાં સરકાર વ્યસ્ત રહી. ભાજપ સરકારના અણઘડ વહિવટ અને ગુન્હાહિત બેદરકારીના કારણે ગુજરાતમાં ત્રણ લાખ કરતા વધુ લોકોએ જીવ ગુમાવ્યા. સુપ્રિમકોર્ટની ફટકાર બાદ કોરોના મૃતકોના પરિવારજનોને કચેરી કચેરીએ સહાય માટે ધક્કા ખાવા પડી રહ્યા છે ત્યારે ભાજપ સરકારની અવ્યવસ્થા, અસંવેદનશીલતા અને જનવિરોધી નીતિ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, કોરોનાની મહામારીમાં ભાજપ સરકાર પ્રથમ દિવસથી જ ગંભીર નથી. હોસ્પિટલમાં બેડ, ઓક્સિજન, દવા, ઈન્જેક્શન સહિત આરોગ્ય સેવાના અભાવે ગુજરાતના ૩ લાખ કરતા વધુ નાગરિકોએ જીવ ગુમાવ્યો છે પરંતુ ભાજપ સરકારે મૃતકોના આંકડા છુપાવતા માત્ર ૧૦ હજારનો આંકડો જાહેર કર્યો. મૃતકોના પરિવારજનોને વળતર ચુકવવામાં આનાકાની બાદમાં સુપ્રિમ કોર્ટની સતત ફટકાર બાદ ભાજપ સરકારે સ્વિકાર્યું છે કે ૯૧૮૧૦ અરજીઓમાંથી ૫૮૮૪૦ અરજીઓ મંજુર કરાઈ છે. ૧૧૦૦૦ જેટલી અરજીઓ પ્રોસેસમાં છે. ૧૫૦૦૦ અરજી પેન્ડીંગ છે અને ૫૦૦૦ જેટલી અરજીઓ રીજેક્ટ કરાઈ છે. જે દર્શાવે છે કે, ભાજપ સરકાર મોતના આંકડા છુપાવી જુઠ્ઠાણું ફેલાવ્યું જે સુપ્રિમકોર્ટમાં ફટકાર બાદ સાચા મૃતકોના આંકડા સામે આવી રહ્યાં છે. કેટલાય લોકો ટેસ્ટ કર્યા વગર અને હોસ્પિટલમાં એડમિટ કર્યા સિવાય મૃત્યુ પામ્યા એમને સરકાર કેવી રીતે શોધીને વળતર આપશે ? સરકાર શા માટે તારીખ પે તારીખ લંબાવે છે ? જ્યારે સુપ્રિમકોર્ટ લપડાક આપે ત્યારે સહાય આપે અને સરકાર કામ કરે છે. ભાજપ સરકાર મૃતકોના પરિવારજનો સાથે મોટા પાયે અન્યાય કરી રહી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે વધુમાં જણાવ્યું હતું કે, કોરોના મૃતકના પરિવારજનોને વળતર આપવાની ભાજપ સરકારની સાચી જ નિયત હોત તો ઉત્સવો અને તાયફાઓને બદલે ગ્રામ સભામાં કોવિડ મૃતકોના નામ નોંધણી કરાવી અથવા હોસ્પિટલ કે સ્મશાનમાંથી સાચા આંકડા મેળવી પરિવારજનોને આર્થિક સહાય સત્વરે આપી શકી હોત પરંતુ કોરોનામાં મૃતક થયાની સાબિતી માટે પરિવારજનોએ સરકારી કચેરીઓમાં ધક્કા ખાવા પડી રહ્યાં છે. મૃતકોના પરિવારજનોને સહાય આપવામાં વિલંબની નોંધ સુપ્રિમકોર્ટે લીધા

છતાં પણ સરકારના પેટનું પાણી હલતુ નથી. કોરોના કાળમાં નાગરિકોએ પોતાના ઘર - રોજગાર ચલાવવા માટે ૨૮ મેટ્રીક ટન જેટલુ સોનુ વેચવાની ફરજ પડી હતી. લોકોએ મકાન, જગ્યાઓ, ગીરવે મુકી હતી, સામુહિક, વ્યક્તિગત આત્મહત્યાનું પણ આંકડો કોરોના કાળ દરમ્યાન વધ્યો ત્યારે, પરિવારજનોની આર્થિક તકલીફમાં સહાય કરવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે જણાવ્યું હતું કે, નમસ્તે ટ્રમ્પ, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપની જાહેર સભાઓ, ક્રિકેટ મેચો રમાડવી અને છેલ્લે વાયબ્રન્ટના તાયફાઓને પગલે કોરોના મહામારીની ત્રીજી લહેરમાં ભાજપ સરકારે ગુજરાતને મુશ્કેલીમાં મુક્યુ છે. ગુજરાતમાં હવે કોરોનાની લહેર નહીં પણ સુનામી આવી ચુકી છે. રાજ્યમાં ૨૫ હજાર કરતા વધુ કોરોના સંક્રમણના કેસો આવી રહ્યાં છે. માત્ર અમદાવાદમાં કોરોના સંક્રમણનો આંક ૧૦ હજાર થી વધુને પાર થયો છે. ગુજરાતમાં કદીયે કોરોનાના ઈન્ફેકટિવ કેસો આવ્યા નથી પણ ગઈકાલે આંકડો વધતો દેખાય છે. ત્રીજી લહેરની ઈન્ફેક્ટીવીટી વધારે છે ત્યારે કોરોના ચેઈન તોડવી જરૂરી બને છે પરંતુ સરકાર કોરોનાને હળવાશમાં લઈ રહી છે. ત્રીજી લહેરમાં શનિ, રવિ અને ૨૬મી જાન્યુઆરી સહિત પાંચ દિવસ રજા જાહેર કરીને કડક નિયંત્રણ લાદવામાં આવે તો કોરોના સંક્રમણની ચેઈન તોડવા માટે ઉપયોગી નીવડી શકે તેમ છે પરંતુ ભાજપ સરકારની ઈચ્છા શક્તિના અભાવે ગુજરાતના નાગરિકોને ભોગ બનવુ પડી રહ્યું છે. ભાજપ સરકાર કોરોના મેનેજમેન્ટમાં સદંતર નિષ્ફળ રહી અને આંકડા છુપાવી રહી છે.

કોંગ્રેસ પક્ષે ગત મે મહિનાથી માંગણી કરી કે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની જોગવાઈ અનુસાર કેન્દ્ર સરકારની ગાઈડલાઈન અને સૂચનાઓ અનુસાર આ મૃતકના પરિવારજનોને ચાર લાખ રૂપિયાની સહાય મળવા પાત્ર છે. પણ આ સરકાર પાસે એના મુખ્યમંત્રી અને વડાપ્રધાન માટે મોંઘા પ્લેન ખરીદવાના પૈસા છે. ઉદ્યોગપતિના લાખો અને કરોડો રૂપિયા માફ કરવાના બજેટ છે. એમના ઉત્સવો અને તાયફાઓ પાછળ કરોડો રૂપિયા બરબાદ કરવાનું બજેટ છે પણ ગુજરાતના કોરોનાના મૃતકના પરિવારને ૪ લાખ રૂપિયા આપવા માટે નાણાં - બજેટ નથી.

---

પત્રકાર પરિષદમાં કોંગ્રેસ પક્ષના આગામી કાર્યક્રમો અંગે પુછાયેલા પ્રશ્નમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, સુભાષચંદ્ર બોઝ જયંતી નિમિતે કોંગ્રેસ કરશે અલગ અલગ કાર્યક્રમ કોંગ્રેસ પક્ષ કોરોના માર્ગદર્શીકાની ચુસ્ત પણે પાલન કરીને આગામી દિવસોમાં તા. ૨૩ જાન્યુઆરીના રોજ નેતાજી સુભાષ ચંદ્ર બોઝની જન્મ જયંતી નિમિત્તે મોટા શહેરમાં 50 બાઈક સાથે રેલી, પ્રદેશ કાર્યાલય ખાતે સંવાદ અને નેતાજી સુભાષ ચંદ્ર બોઝને અમદાવાદ ખાતે પુષ્પાંજલિ કરવામાં આવશે. આઝાદીના ૭૫ વર્ષના અનુસંધાને અને રાષ્ટ્રીય પર્વ તા. ૨૬ જાન્યુઆરીના રોજ ગુજરાતના તમામ શહેરોના વોર્ડમાં 75 ફૂટનો ત્રિરંગો લઇને ત્રિરંગા યાત્રા કરીશું તેમજ તા. 23 થી 30 તારીખ સુધી ઝુંબેશ કાર્યક્રમમાં મેમ્બરશિપ ડ્રાઇવ યોજાશે. તા. 3 થી 5 ફેબ્રુઆરી વચ્ચે 100 આગેવાન કોરોનામાં મૃત્યુ પામેલ વ્યક્તિના આંકડા આપીને સરકાર તેમને વળતર આપે, ન્યાય આપે તે મુદ્દે કાર્યક્રમ યોજાશે.

( ડૉ. મનિષ એમ. દોશી )

મુખ્ય પ્રવક્તા